CITY pulse

email: citypulse@gujaratmitra.in

ગુજરાતમિત્ર

શુક્રવાર ૧૬ જાન્યુઆરી, ૨૦૨૬

CITY સ્ટેપ્સ

# સુરતના આ બિલ્ડિંગ્સ શું ખરેખર છે ભૂતિયા ?

આમ તો આપણે જાણીએ જ છીએ કે સુરત મનમોજીલું શહેર છે, પણ તમને ખબર છે કે તેનું બીજું એક પાસું પણ છે, અહીંયા હોન્ટેડ પ્લેસીસ પણ છે જેને ભૂતિયા નામ આપી દેવાયું છે. આપણને ડુમસની વાતો તો ખબર જ છે કે, દેશના મોસ્ટ હોન્ટેડ પ્લેસીસમાં ડુમસના દરિયા કિનારાનું નામ પણ આવે છે. કાળી માટીના આ દરિયા કિનારે રાત્રીના ઘોર અંધકારમાં અજીબોગરીબ અવાજો સંભળાતા હોવાનું કહેવાય છે. પાર્લેપોઈન્ટ પરની બિલ્ડીંગમાં પણ પ્રવેશ કરવાની કોઈ હિમ્મત નથી કરતું કેમકે ત્યાં પણ ભૂત હોવાની લોકવાયકા સાંભળેલી છે. જોકે, આ ડરાવની વાતો વચ્ચે પણ સુરતમાં એવી સ્કૂલ, એવી હવેલી અને એવા મકાન છે જેની સાથે લોકોએ ભૂતિયા શબ્દ જોડીને તેમને ભૂતિયા સ્કૂલ, ભૂતિયા હવેલી, ભૂતિયા ચાર ગાળાનું મકાન કહેવાની શરૂઆત કરી દીધી. ચારગાળાના ભૂતિયા મકાનમાં જે પરિવાર રહે એમને તો લોકો ભૂતિયા જ કહેતા હોય છે. 'ભૂતિયાની દીકરી, ભૂતિયાની વહુ' આ રિતનું સંબોધન થતું હોય છે. તમને આ વાંચીને મજા પડી ને? અમે તમને અહીં ભૂતિયા સ્કૂલ, ભૂતિયા હવેલી કેમ કહેવાય છે તે જણાવીએ. તમને આ જાણીને ડર લાગે છે કે રમૂજ તે જાતે નક્કી કરી લેજો...



## પાર્લેપોઇન્ટ પરની બિલ્ડીંગ ભૂતિયા હોવાની અફવા


પાર્લેપોઇન્ટ વિસ્તારમાં એક એપાર્ટમેન્ટને ભૂતિયા બિલ્ડીંગ નામ આપી દેવાયું છે. અહીં બિલ્ડીંગમાં 1990માં એક મજૂરની રહસ્યમયી મોત થઈ હોવાનું કહેવાય છે તો કોઈ કાળા કપડામાં એક સ્ત્રી દેખાઈ હોવાનું કહે છે. જોકે, મોટાભાગના લોકો તેને અફવા ગણે છે. તમને ખ્યાલ હોય તો સુરત ડાયમંડ બુર્સની દરેક બિલ્ડીંગમાં 13મો માળ બનાવાયો નથી તેની પણ ખૂબ ચર્ચા થઈ હતી.



## બકરીના રૂપમાં આવેલા ભૂતને બાંધી દીધું હજી પણ લોકો ભૂતિયાનો પરિવાર કહે છે


મોરા ભાગળ ટીમલા સ્ટ્રીટમાં એક મકાન છે તેને ચાર ગાળાનું ભૂતિયા મકાન કહેવાય છે. ભાનુબેન રાંદેરીયાએ જણાવ્યું કે આ ચાર મકાનોમાંથી એક મકાનમાં મારા દાદા રહેતાં જેઓ નાવિક હતાં. એક વાર તેઓ કશે ગયા હતાં ત્યાં એક બકરી વારંવાર તેમની પાસે આવતી. તેઓ બકરી ઘરે લઈ આવ્યા પણ દાદીએ બકરીને ઘરમાં પ્રવેશ નહીં આપ્યો અને આંગણામાં તેને બાંધી દેવામાં આવી પણ બીજા દિવસે તે બકરી દેખાઈ નહીં. બકરીને બાંધવામાં આવી હતી તો પછી તે કઈ રીતે ત્યાંથી ચાલી ગઈ. ત્યારે એવું કહેવાયું કે બકરીના રૂપમાં ભૂત આવ્યું હતું. તે વખતથી લોકો તે મકાનને ચાર ગાળાનું ભૂતિયા મકાન કહેતા થયા. આમા એક ઈન્ટરેસ્ટીંગ એ છે કે આ પરિવારની દીકરીના લગ્ન જે ઘરમાં થાય ત્યાં ભૂતિયાંના ઘરની દીકરીને પરણી લાવ્યા એવું આજે પણ કહેવાય છે. તો અગર આ પરિવારમાં કોઈ પોતાની દીકરીના લગ્ન કરાવે તો તેઓ દીકરીને ભૂતિયાના ઘરમાં આપવામાં આવી તેવું કહેતા હોય છે.





## 50-60 વર્ષથી બંધ મકાનમાં ઉપરના માળે ટોયલેટ પાસે જવાની ના હતી

રાંદેરના અગ્રણી વ્યક્તિઓમાંના એક એમ.એસ. મિચલા દ્વારા જણાવવામાં આવ્યું કે, રાંદેરમાં સાલેહભાઈ પટેલની ખડકીમાં એક મકાન 50-60 વર્ષથી બંધ છે. આ મકાનના માળ પરના ટોયલેટ તરફ જવાની વર્ષો પહેલાં અહીં રહેતા એક ઘરડા બહેને 'ના " પાડી હતી. આ ઘરડા બહેનને કોઈએ ટોયલેટ તરફ ધક્કો માર્યો હોવાનો અનુભવ થયો હતો. આ ઘરડા બાઈ બર્માથી સુરત આવ્યા હતા અને તેમને રહેવા માટે આ મકાનમાં જગ્યા આપવામાં આવી હતી. તે ઘરડા બાઈના નિધન બાદથી આ મકાન બંધ હાલતમાં છે. જોકે, એમ.એસ. મિચલા દ્વારા એવું પણ જણાવવામાં આવ્યું હતું કે હું ત્યારે બહુ નાનો 8 વર્ષની ઉમરનો હતો અત્યારે હું 75થી વધુ ઉમરનો છું એટલે મને તે ઘરડા બાઈની વાતો વધારે યાદ નથી.




## અંદરથી વાંદરાઓનો અવાજ આવતો હોવાથી લોકોને ભૂતિયા હવેલીની ગેરસમજ થઈ હશે

રાંદેર ભંડારીવાડમાં એક હવેલી જેવું ઊંચું મકાન છે. આ મકાનની બાજુમાં રહેતા શશાંકભાઈ ભંડારીએ જણાવ્યું કે, તેઓ અહીં 40 વર્ષથી રહે છે પણ તેમને ક્યારેય એવો અનુભવ નથી થયો કે આ હવેલી ભૂતિયા હવેલી હોઈ શકે. એમને તો શું અહીં મોહલ્લામાં રહેતા લોકોને પણ આવો કોઈ અનુભવ નથી થયો. 2006માં સુરતમાં ભયંકર રેલ આવી હતી ત્યારે તેમનો પરિવાર અને આજુબાજુની 5થી 6 ફેમિલી આ જ હવેલીમાં 5થી 6 દિવસ રહ્યાં હતાં ત્યારે પણ કોઈ અનુભવ નથી થયો. વર્ષોથી મકાન બંધ હોય અને વળી, અહીં આ મકાનમાં વર્ષોથી વાંદરા રહ્યાં છે તેઓ અવાજ કરતા હોય કે પછી બિલાડીએ કૂદકો માર્યો હોય તો લોકોને આવી ગેરસમજ થઈ હશે અને અફવા ફેલાઈ હશે.







## રાંદેર તાડવાડીમાં છે કાળી બિલ્ડીંગ જેને ભૂતિયા બંગલો કહે છે

તમે રાંદેર તાડવાડી વિસ્તારમાંથી પસાર થશો તો તમને મેઈન રોડ પર જ કાળા કલરની બિલ્ડીંગ દેખાશે. તેના અમુક ફ્લેટની બારીઓના કાંચ તૂટેલા દેખાશે. જ્યારે આ બિલ્ડીંગ વિશે ત્યાંના એક ફરસાણ વિક્રેતાને પૂછવામાં આવ્યું ત્યારે તેણે કહ્યું કે બિલ્ડીંગમાં લોચો છે. કોઈ લીગલ ઈશ્યુને કારણે કદાચ આ બિલ્ડીંગના મકાનો નહીં વેચાયા હોય એટલે બિલ્ડીંગ ખાલી દેખાય છે. આ ફરસાણ વિક્રેતાનું કહેવું હતું અમે લગભગ કેટલાક વર્ષથી આ બિલ્ડીંગને જોઈએ છીએ અહીં તેમને ક્યારેય એવો કોઈ અનુભવ નથી થયો કે આ બિલ્ડીંગને ભૂતિયા કહી શકાય. બિલ્ડીંગ વર્ષોથી ખાલી દેખાય છે એટલે કદાચ લોકો તેને ભૂતિયા બંગલો કહેતા હશે. આમ તો અત્યારે કેટલાંક યુવકો અહીં રહે પણ છે.


## પાછલી ઓલીમાં કુમાર સ્કૂલને લોકો ભૂતિયા સ્કૂલ તરીકે ઓળખે

રાંદેર વિસ્તારના અગ્રણી કમલેશ સેલરે જણાવ્યું કે, મોરા ભાગળ વિસ્તારમાં પાછલી ઓલીમાં એક બિસ્માર હાલતમાં મકાન દેખાય છે, જેમાં એક સમયે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની સ્કૂલ ચાલતી. જેમાં એકથી 4 ધોરણમાં છોકરાઓ ભણતા. આ સ્કૂલમાં તેઓ પોતે પણ ભણ્યા હતાં. સ્કૂલ માટે આ મકાન લગભગ 10-15 રૂપિયામાં ભાડે લેવાયું હતું. મકાનની આસપાસ મહેલો જેવા મકાન હતાં. હવેલી જેવા ઘરોની વચ્ચે આ નાનું મકાન દબાઈ જતું એટલે તે લોકજીભે ભૂતિયા મકાન કહેવાતું હશે એને કારણે આ મકાનમાં બનેલી સ્કૂલ તરફ જવાનું હોય તો કેટલાક લોકો કહેતા ભૂતિયા હવેલીની સ્કૂલે જવાનું છે. ધીરે ધીરે તે ભૂતિયા હવેલી સ્કૂલ કહેવાતી થઈ. જોકે, આ સ્કૂલ તો 2000ની સાલમાં નગર પ્રાથમિક સમિતિની પોતાની જગ્યામાં શિફ્ટ થઈ. હવે તો આ મકાનના બે માળ તૂટી ગયા છે, માત્ર જૂનું પ્રવેશદ્વાર દેખાય છે. આ સ્કૂલની પાસે સામેની સાઈડમાં કન્યા શાળા હતી અને તેની બાજુમાં રાંદેર પીપલ્સ બેન્કે લોકભાગીદારીમાં સ્કૂલ બાંધી આપી હતી. સામેની સાઈડમાં એક મકાન છે તેની બાજુમાં પાછળની સાઈડમાં આ કુમારશાળા હતી. એવું જાણવા મળ્યું હતું કે, આ સ્કૂલમાં જે બાળકો ભણતા તેઓ પણ ભૂતિયા હવેલી સ્કૂલમાં ભણીએ છીએ એવું કહેતા.

# અનોખી સેવા: કલા અને કલાકારોનાં સંવર્ધન માટે વિના મૂલ્યે પુસ્તકોનું વિતરણ

રીશ્તે


આપણા સુરત સિટીમાં એક અનોખું ટ્રસ્ટ છે. આપણી ભારતીય કલાઓ અને આપણી સાંસ્કૃતિક સંપદાઓ સમાન ઐતિહાસિક ઈમારતો, સ્મારકોને લોકોના માનસમાં હમેશા જીવંત રાખવા માટે કલા અને કલાકારોની માહિતીથી સભર 200-300 પાનાના પુસ્તકોનું દસ્તાવેજીકરણ કરીને કલાના ચાહકો સુધી એક રૂપિયો પણ લીધા વગર નિ:શુલ્ક પહોંચાડવાનું ઉમદા કાર્ય આ ટ્રસ્ટ કરે છે. પુસ્તકો પહોંચાડવા માટે કુરિયર ચાર્જ પણ ટ્રસ્ટ દ્વારા ચુકવવામાં આવે છે. આ ટ્રસ્ટને આવો ઉમદા સેવાકીય વિચાર કઈ રીતે આવ્યો. તેમણે જેનું દસ્તાવેજીકરણ કરી ગ્રંથસ્થ કર્યા છે તે પુસ્તકો કયા કયા ક્ષેત્રના છે, ઉમદા સેવા કામ માટે ટ્રસ્ટને કોણ કઈ રીતે પ્રોત્સાહન આપે છે, તેના વિશે જાણીએ...






## કલા અને કલાકારોના સંવર્ધન અને ઉત્થાન માટે વિના મૂલ્યે પુસ્તકો અપાય છે

ચિત્રકલા, ફોટોગ્રાફી જેવી વિવિધ કલા, વિવિધ સ્મારકો, ઐતિહાસિક વાવ, કુવા, તળાવો, સ્થાપત્ય કલા, મહેલો ગુફાઓ વગેરે સાંસ્કૃતિક સંપદાઓના જતન અને સંવર્ધનના હેતુથી સુરતનું ટ્રસ્ટ આ કલા, સાંસ્કૃતિક સંપદાઓની માહિતીનું દસ્તાવેજીકરણ કરીને તેને પુસ્તકોના સ્વરૂપમાં વહેંચીને આ સાંસ્કૃતિક વારસો અને ભુલાતી કલાઓ તરફ લોકોનું ધ્યાન ખેંચી રહ્યું છે.



## કળાના કદરદાનો દ્વારા આપવામાં આવતા દાનથી પુસ્તકો છાપવાનો ખર્ચ ઉઠાવાય છે

ટ્રસ્ટ દ્વારા અત્યાર સુધી 5 વર્ષમાં 34 પુસ્તકો(કલાગંગોત્રી ગ્રંથ) પ્રકાશિત કરવામાં આવ્યા છે. આ પુસ્તકો કલાના ચાહકો, કલાકારો અને કલાભાવકોને વિનામૂલ્યે પહોંચાડવામાં આવે છે. આ દરેક કલાગંગોત્રી ગ્રંથની એક-એક હજાર પ્રત છાપવાનો ખર્ચ અને તેને કલાચાહકો સુધી નિ:શુલ્ક પહોંચાડવા માટેનો ખર્ચ સમગ્ર રાષ્ટ્રના કલાના કદરદાનો તરફથી મળતા દાન (ડોનેશન) ની રાશિમાંથી કરવામાં આવે છે.



## આ ટ્રસ્ટના સ્થાપક રમણિકભાઈ 20 વર્ષથી કલાસંવર્ધન માટે કાર્યરત

કલાતીર્થ ટ્રસ્ટના સ્થાપક અધ્યક્ષ રમણિકભાઈ ઝાપડીયા દ્વારા જણાવવામાં આવ્યું કે આ ટ્રસ્ટ દ્વારા જે પુસ્તકો છાપવામાં આવ્યા છે તેમાં એક પુસ્તક સુરતના ઉચ્ચ કક્ષાના ચિત્રકાર સ્વ.વાસુદેવ સ્માર્ત વિશેનું છે. આ પુસ્તકોમાં ગુર્જર શિલ્પીઓની રુપસાધના, રંગરેખાના કલાધર કનુ દેસાઈ, આદિજાતિનું કલાસૌંદર્ય, ગુજરાતનો વિસરાતી ભીંતચિત્રોનો કલાવૈભવ વગેરે પુસ્તકોનો સમાવેશ થાય છે. આ ટ્રસ્ટ દ્વારા કલાકારો અને પરંપરિત કસબીઓને 'સંસ્કૃતિ સંવર્ધક સન્માન' સાથે રોકડ રાશિ અર્પણ કરીને બહુમાન કરવામાં આવે છે. ટ્રસ્ટ દ્વારા GSM વાળા વ્હાઈટ મેપલીથો અને ગ્લોસી પેપર પર બહુરંગી સુઘડ લેઆઉટ સાથેનું પ્રિન્ટિંગ ઉપરાંત આકર્ષક જાડાં મુખપૃષ્ઠ ગ્રંથોને મનમોહક બનાવે છે.

## વિદ્યાર્થીઓ શોધપત્ર માટે આ ગ્રંથોનો સંદર્ભગ્રંથ તરીકે ઉપયોગ કરે છે



વિવિધ કલા અને કલાકારો વિશેના આ પુસ્તકો ગુજરાતની યુનિવર્સિટીઓ, પુસ્તકાલયો (લાઈબ્રેરી), રિસર્ચ સેન્ટર્સ, મ્યુઝિયમો અને ગ્રંથભંડારો સુધી નિ:શુલ્ક પહોંચાડવામાં આવે છે. પુસ્તકો મોકલવા માટે કુરીયરનો ખર્ચ પણ આ ટ્રસ્ટ ઉઠાવે છે. આ કલાગંગોત્રી ગ્રંથો સંશોધન કરતા વિદ્યાર્થીઓ સંદર્ભગ્રંથ તરીકે ઉપયોગ કરી રહ્યાં છે.